# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **આજે રજૂ થનારા કેન્દ્રીય અંદાજપત્ર પર રાજ્ય સહિત દેશભરના લોકોની નજર, અંદાજપત્રમાં આવકવેરામાં સરળીકરણની કરવેરા નિષ્ણાતોને આશા.**
2. **આગામી 16મી ફેબ્રુઆરીએ યોજાનારી 66 નગરપાલિકાઓ અને જૂનાગઢ મહાનગર પાલિકા સહિતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીની ઉમેદવારી કરવાનો આજે છેલ્લો દિવસ.**
3. **અમદાવાદમાં આજે ગુજરાત સાયન્સ સિટી કેમ્પસમાં ગુજરાત STEM ક્વિઝ 3.0 ના ગ્રાન્ડ ફિનાલે યોજાશે.**
4. **સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાનો આજથી પ્રારંભ.**
5. **સપ્તાહ દરમિયાન રાજ્યના વાતાવરણમાં ફેરફારની શક્યતા નહીવત હોવાની હવામાન વિભાગની આગાહી.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ECONOMIC SURVEY

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમણ આજે સવારે અગિયાર વાગે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ કરશે. 2024માં ભાજપનાં અગેવાની હેઠળની બીજી સરકારમાં આ બીજું અંદાજપત્ર છે.

દરમિયાન સુશ્રી સિતારમણે ગઈકાલે સંસદના બંને ગૃહોમાં આર્થિક સર્વેક્ષણમાં રજૂ કર્યું હતું જે મુજબ નાણાકીય વર્ષ 2025માં ભારતના વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન-GDPમાં 6.4 ટકાના દરે વૃદ્ધિ થવાનું અનુમાન છે અને નાણાકીય વર્ષ 2026માં આ વૃદ્ધિ 6.3 થી 6.8 ટકા વચ્ચે રહેવાની શક્યતા છે. આર્થિક સર્વેક્ષણમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ઘરેલુ અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત થયો છે. જેમાં સંતુલિત રાજકોષીય એકત્રીકરણ અને સ્થિર ખાનગી વપરાશનો સમાવેશ થાય છે.

સર્વેમાં જણાવાયું છે શાકભાજીના ભાવમાં મોસમી ઘટાડો અને ખરીફ પાકના આગમન સાથે નાણાકીય વર્ષ 2025ના ચોથા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો ઓછો થવાની સંભાવના છે. રોજગાર અંગે જણાવાયું છે કે 15 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે બેરોજગારી દર વર્ષ 2017-18માં 6 ટકાથી ઘટીને 2023-24માં 3.2 ટકા થયો છે.

# PRE BUDGET

આજે કેન્દ્રીય બજેટ રજૂ થનાર છે ત્યારે સમગ્ર દેશ આ અંદાજપત્ર પર નજર નાંખીને બેઠું છે.. અનેક લોકોને અંદાજપત્રમાં રાહત મળશે તેવી આશાછે ત્યારે અમદાવાદના કરવેરા નિષ્ણાત ધિરેશ ટી શાહે પણ અંદાજપત્રમાં આવકવેરામાં સરળીકરણ થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

(બાઇટ - ધિરેશ ટી શાહ, કરવેરા નિષ્ણાત, અમદાવાદ)

# LOCAL BODY ELECTION

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. રાજ્યની 66 નગરપાલિકા જુનાગઢ મહાનગરપાલિકા અને તાલુકા પંચાયતની પેટા ચૂંટણી ફોર્મ ભરવાનો આજે અંતિમ દિવસ છે..ભાજપ કોંગ્રેસ અને અન્ય પક્ષના ઉમેદવારો ફોર્મ ભરશે ..

તમામ રાજકીય પક્ષોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ આરંભી દીધી છે.. ભાજપ દ્વારા ઉમેદવારોની નામોની જાહેરાત કરી દેવામાં આવી છે જ્યારે કોંગ્રેસ દ્વારા કોરા મેન્ડેડ આપી દેવામાં આવ્યા છે..

ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ પહેલી ફેબ્રુઆરી છે.. જ્યારે ઉમેદવારી પત્ર ચકાસવાની છેલ્લી તારીખ ત્રીજી ફેબ્રુઆરી છે.. આ ઉપરાંત ઉમેદવારી પત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ ચોથી ફેબ્રુઆરી છે.. આ તમામ સ્થળોએ મતદાન 16 ફેબ્રુઆરીના રોજ યોજાશે.. જ્યારે 18 મી ફેબ્રુઆરીના રોજ મત ગણતરી યોજાશે.

# AHMEDABAD JAHERNAMU

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પડાયું છે.

ઘાટલોડીયા વોર્ડ નં.૭ માં તેમજ જિલ્લા પંચાયત પેટા ચૂંટણી ૨૦૨૫ અન્વયે અસલાલી માટે જેતલપુર ગામના હદ વિસ્તાર માટે કોઈપણ પ્રકારના લાઉડ

સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને સવારના ૦૮:૦૦ કલાકથી રાત્રિના કલાક ૧૦:૦૦ સુધી જ થઈ શકશે.

ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હિકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણીપ્રચાર દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સબંધિત ચૂંટણી અધિકારી,મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે સહિતના પ્રતિબંધો લદાયા છે..

# MORBI – NCD DAY

મોરબી જિલ્લામાં દર શુક્રવારે નિરામય દિવસની પ્રેરક ઉજવણીનાં ભાગ રૂપે બ્લડ પ્રેશર, હાઇપરટેન્શન, ડાયાબિટીસ સહિતના રોગનાં નિશુલ્ક નિદાન, સારવાર, દવાઓ આપવામાં આવશે. સામાન્ય જનતાને સરકારની લોકભોગ્ય સુવિધાનો ઘર આંગણે નજીકમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર અને જિલ્લા હોસ્પિટલમાં લાભ લેવા તંત્રએ દ્વારા જાહેર જનતાને અનુરોધ કર્યો છે.

## બાઈટ : ડો. રવિ પૂજારા,

## મેડિકલ ઓફિસર, અર્બન હેલ્થ સેન્ટર,મોરબી

# GUJCOST STEM QUIZ

અમદાવાદમાં આજે ગુજરાત સાયન્સ સિટી કેમ્પસમાં ગુજરાત STEM ક્વિઝની ત્રીજ આવૃત્તિનું ગ્રાન્ડ ફિનાલે યોજાશે. જેમાં રાજ્યભરના વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી છે, ગુજરાત STEM ક્વિઝમાં વિદ્યાર્થીઓ માટે કુલ 2 કરોડ રૂપિયાનું ઈનામ છે. ગ્રાન્ડ ફિનાલે યુવાનોને વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ એટલે કે STEM પ્રત્યેની ઋચીને વધારશે. રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરશે. દેશભરના વિવિધ બોર્ડ અને રાજ્યોના ૧૦ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓએ આ ક્વિઝમાં નોંધણી કરાવી હતી.

# DAMAN SPORT EVENT

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં આંટિયાવાડ ગ્રામ પંચાયત દ્વારા રમતોત્સવના આયોજન કરવામાં આવ્યું હતું. નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ગ્રાઉન્ડ માં સરપંચ ઉર્વશી પટેલ દ્વારા આ રમતોત્સવનો આરંભ કરાયો હતો.. બાળકોના દોરડા ખેંચ, દોડ, કૂદ, યુવાનો માટે ક્રિકેટનું અને મહિલાઓ માટે ટગ ઑફ વૉર, જમ્પ, રનિંગ વિગેરે રમતોના આયોજન કર્યું હતું. વિજેતાઓ ને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.ક્રિકેટ મેચ માં આતિયાવોર્ડ ના 10 જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

## બાઈટ ઉર્વશીબેન પટેલ (સરપંચ આતિયાવાડ ગ્રામ પંચાયત )

# GUJARAT UNIVERSITY – EXAM

ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન, વાણિજ્ય અને આર્ટસ સહિતના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાનો આજથી  આરંભ થશે. 7 ફેબ્રુઆરી સુધી ચાલનાર આ પરીક્ષામાં અંદાજિત 80 હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. નવી શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટિ દ્વારા પેન-પેપર મોડમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ અને ગાંધીનગર સહિતના કેન્દ્રોમાં વિદ્યાર્થીઓ સારી રીતે પરીક્ષા આપી શકે તે માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યાં અનુસાર આગામી સાત દિવસ રાજ્યમાં હવામાન શુષ્ક રહેશે, લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહિ.

# TEBLO TROPHY CM

નવી દિલ્હી માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઇસ' કેટેગરીમાં જનતા જનાર્દનના સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી હતી ત્યારે ગુજરાત ટેબ્લોની વિજેતા ટીમે ગઇકાલે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લઈને વિજેતા ટ્રોફી સુપ્રત કરી હતી.

મુખ્યમંત્રીએ સતત ત્રણ વર્ષથી ગુજરાતના ટેબ્લોને પ્રથમ સ્થાનનું ગૌરવ સન્માન અપાવવા અંગે ગુજરાતના સૌ નાગરિકોનો આભાર વ્યક્ત કરીને અભિનંદન પાઠવ્યા હતા..

વર્ષ ૨૦૨૩માં “ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત” ટેબ્લો,,20૨૪માં “ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ-UNWTO” ટેબ્લો અને ૨૦૨૫માં "આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ" ટેબ્લો દ્વારા સતત ત્રીજી વાર પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં દેશની જનતાની પ્રથમ પસંદ ગુજરાત બન્યું હતું..

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુણક પ્રાથમિક શાળાના બાળકો સાથે સંવાદ કર્યો હતો. સાંસદ હરિભાઈ પટેલની આગેવાનીમાં બાળકોએ યાદગાર મુલાકાત કરી હતી.

મહેસાણાના ઉંઝા તાલુકાની સુણક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ એ દિલ્લી સંસદ ભવન ખાતે આ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીએ બાળકો સાથે સંવાદ સાધીને, સૌને માર્ગદર્શન આપ્યું હતુ.

બજેટ સત્રના કારણે વ્યસ્ત હોવા છતાં પણ પોતાનો અમૂલ્ય સમય ફાળવીને બાળકો સાથે મુલાકાત કરવા બદલ મહેસાણા લોકસભાના સાંસદ હરિભાઈ પટેલે પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# Coast guard DG

આજે પહેલી ફેબ્રુઆરીએ ભારતીય તટરક્ષક દળ 49 મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. ત્યારે ગઇકાલે ભારતીય તટરક્ષક દળના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ મહાનિરીક્ષક ટેકુર શશી કુમારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી..

રાજ્યપાલે આ પ્રસંગે તટરક્ષક દળના મહાનિરીક્ષક ટેકુર શશીકુમારને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલ સાથેની મુલાકાત દરમિયાન પ્રસંગે તટરક્ષક દળના મહાનિરીક્ષક ટેકુર શશીકુમારે રાજ્યપાલને તટરક્ષક દળનું સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું.